# ગાંધારી
# નવસારી મહાનગરપાલિકાની કચેરી પાછળ શાકભાજી માર્કેટમાં જ ગંદકી

**કચરા** અને સડેલા શાકભાજીના કારણે દુર્ગંધથી વેપારીઓ અને ગ્રાહકોને મુશ્કેલી



નવસારી : નવસારી મહાનગરપાલિકા કચેરીની પાછળ આવેલા શાકભાજી માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી સ્વચ્છતા અંગેની સમસ્યા જોવા મળી રહી છે. માર્કેટ પરિસરમાં કેટલાક સ્થળોએ કચરો અને સડેલા શાકભાજીનો જથ્થો એકત્ર થતો હોવાથી દુર્ગંધ ફેલાતી હોવાની ફરિયાદો ઉઠી છે. જેના કારણે વેપારીઓ તેમજ ખરીદી માટે આવતા ગ્રાહકોને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે.

વોર્ડ નં. ૭ના નરેશ જૈને જણાવ્યું હતું કે પાલિકા કચેરીની નજીક આવેલા માર્કેટમાં સ્વચ્છતા પર વધુ ધ્યાન આપવામાં આવે તો વેપારીઓ અને નાગરિકોને રાહત મળી શકે. તેમણે પાલિકા તંત્રના અધિકારીઓ અને પદાધિકારીઓને માર્કેટની મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા અને જરૂરી સફાઈ કામગીરી કરાવવા વિનંતી કરી છે.

માર્કેટમાં નિયમિત સફાઈ, કચરાનો સમયસર નિકાલ અને સ્વચ્છતા અંગે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો વેપારીઓ તેમજ ગ્રાહકોને વધુ સુવિધા મળી શકે તેમ છે.

સંભવિત આરોગ્યલક્ષી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને પાલિકા તંત્ર દ્વારા વહેલી તકે જરૂરી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### શાકભાજી માર્કેટની સમસ્યા

(1) નવસારી મહાનગરપાલિકા કચેરીની બરાબર પાછળ અને આસપાસના શાકભાજી માર્કેટ વિસ્તારમાં કચરાના ઢગ

(2) સડેલા શાકભાજી અને કચરાને કારણે તીવ્ર દુર્ગંધને લીધે નાગરિકો અને વેપારીઓના સ્વાસ્થ્ય પર જોખમ



**નવસારીમાં પૂરગ્રસ્ત પરિવારોને સહાય ચૂકવવામાં વિલંબથી રોષ**

# પૂરમાં સર્વસ્વ ગુમાવનારાનો મામલતદાર કચેરીએ મોરચો

**ઘરવખરીના** નુકસાન બાદ સરકારી સહાય હજુ ખાતામાં નહીં પહોંચતા તાત્કાલિક ચુકવણીની માંગ



નવસારી : પૂર્ણા નદીમાં આવેલા પૂરના પાણી નવસારીના ઘરોમાં ઘૂસી જતાં ઘરવખરી અને જીવનજરૂરી સામાનને નુકસાન થયું હતું. પૂર ઓસરી ગયા બાદ પણ અસરગ્રસ્ત પરિવારો સરકારી સહાયની રાહ જોઈ રહ્યા હોવાનો મુદ્દો હવે ઉઠ્યો છે.

આ મામલે નવસારી પાલિકાના વિપક્ષ નેતા પ્રભાબેન વલસાડીયા અને કોર્પોરેટર પ્રકાશ રાઠોડ અસરગ્રસ્તો સાથે મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. વિપક્ષના જણાવ્યા મુજબ પૂરના કારણે આશરે ૫૦૦ પરિવારોને ઘરવખરી અને માલસામાનનું નુકસાન થયું છે, પરંતુ હજુ આર્થિક સહાય બેંક ખાતામાં જમા થઈ નથી.

અસરગ્રસ્ત પરિવારોને રાહત આપવાની માંગ સાથે સરકારી પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા ભાર મૂકાયો હતો. ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે નુકસાન બાદની આર્થિક પરિસ્થિતિ મુશ્કેલ બની હોવાથી સહાયમાં વિલંબ ન થાય તેવી માંગ કરવામાં આવી હતી.

મામલતદારે રજૂઆત સાંભળી જરૂરી કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

**૧,૩૦૦ ખેડૂતની ૪૦૦ હેક્ટર જમીન પરના પાકને નુકસાન**

# ચીખલીમાં પૂરના મહિના બાદ પણ ખેડૂતો સહાયથી વંચિત

**પૂરની** ભયાનક સ્થિતિ અને વ્યાપક નુકસાન બાદ સર્વે અહેવાલ છતાં સહાયના ઠેકાણા નહીં


ધર્મેશ પટેલ

ઘેજ : ગયા ૨૩ જુલાઈએ અંબિકા, કાવેરી, ખરેરા સહિતની નદીઓ અને સ્થાનિક ખાડીઓમાં આવેલા પૂરને કારણે ચીખલી અને ઉપરવાસમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. કેટલાક ગામોમાં ઘરોમાં દસ ફૂટ સુધી પાણી ભરાઈ જતા મોટું નુકસાન થયું હતું. ચીખલી તાલુકાના ૩૮ ગામોમાં પૂરના કારણે શ્રમજીવી પરિવારોની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ હતી. સરકાર દ્વારા કેશડોલ અને ઘરવખરી સહાય ચૂકવવામાં આવી હતી, પરંતુ ખેતીવાડીની નુકસાની અંગે રાહત મળતી નથી.

ખેતીવાડી શાખા દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક સર્વેમાં ડાંગર, શેરડી, આંબા, ચીકુ, સુરણ, કંદ, હળદર અને શાકભાજીના પાકોને વ્યાપક નુકસાન થયાનું સામે આવ્યું હતું. આ સર્વેનો અહેવાલ ઉપલી કચેરીએ મોકલી આપવામાં આવ્યો હોવા છતાં આજદિન સુધી સહાયની રકમ જમા થઈ નથી. અગાઉ સપ્ટેમ્બર માસમાં વાવાઝોડા વખતે પણ ખેડૂતોને નુકસાન થયું હતું, પરંતુ માત્ર આશ્વાસનો સિવાય કોઈ મદદ મળી નહોતી.

આ વખતે ખેડૂતોના હિતમાં સરકાર વહેલી તકે હકારાત્મક નિર્ણય લઈ સહાય ચૂકવવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીમાં સગીરા પર દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની સખત કેદ



વલસાડ : વાપીના ડુંગરા વિસ્તારમાં ૧૫ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં વાપી પોક્સો એક્ટ હેઠળની સ્પેશિયલ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સ્પેશિયલ જજ એચ. એન. વકીલ દ્વારા આરોપી ચાંદબાબુ ઇસ્લામ હાસમીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ઉપરાંત ભોગ બનનાર કિશોરીને 'ગુજરાત વિક્ટીમ કમ્પેન્સેશન સ્કીમ' હેઠળ રૂપિયા ૪ લાખનું વળતર ચૂકવવાનો આદેશ પણ કરવામાં આવ્યો છે. ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી ચાંદબાબુ ઇસ્લામ હાસમીએ ૧૫ વર્ષીય સગીરાની સાથે મિત્રતા કેળવી અવારનવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. સગીરા ગર્ભવતી બનતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ કેસ વાપી સ્પેશિયલ પોક્સો કોર્ટ સમક્ષ ચાલવા પર આવતા પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠી દ્વારા રજૂ કરવામાં આવેલી ધારદાર દલીલો, સાહેદોના નિવેદનો અને દસ્તાવેજી પુરાવાઓને કોર્ટે ગ્રાહ્ય રાખ્યા હતા. કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદ અને રૂ.૧૦,૦૦૦ દંડ અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

### વાપી મનપા દ્વારા રક્ષાબંધનના દિવસે સિટી બસમાં બહેનોને મફત મુસાફરી

વાપી : વાપી મહાનગરપાલિકાની સિટી બસ સેવાને રક્ષાબંધનના તહેવારના દિવસે બધી જ બહેનો માટે મફત મુસાફરીની જાહેરાત કરી છે. વાપી મનપાના સિટી બસના જેટલા રૂટ છે તેમાં આખો દિવસ બધી જ મહિલાઓ, દીકરીઓ માટે મફત મુસાફરી કરી શકાશે. ૨૮ ઓગસ્ટના દિવસે મનપા દ્વારા મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના હેઠળ સિટી બસમાં બહેનોને ગમે તેટલીવાર ફ્રી મુસાફરી માટે જાહેરાત કરવામાં આવી છે. વાપી મનપાની પહેલને લોકોએ આવકારી છે. રક્ષાબંધનના પાવન અવસરે મહિલાઓ આખો દિવસ વાપીમાં સિટી બસમાં મફત મુસાફરી કરી શકશે.

### વાપી કરવડથી માતા અને બે સંતાનો ક્યાંક ચાલી ગયા

વાપી : વાપી નજીકના કરવડ ગામ, દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, મુરલીધર એન્ટરપ્રાઈઝ, પવન અગ્રવાલના ગોડાઉનમાં પ્રીતિ પ્રવિણ પાંડે (ઉં.31) રહે છે. તેઓ ગત તા.24-8-2026 ના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યાની આસપાસ ઘરેથી કોઈને પણ કહ્યા વિના તેના બે સંતાનો સમર (ઉં.14) અને અમર (ઉં.8) ને લઈ ક્યાંક નીકળી ગયા હતાં. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા વાપી ડુંગરા પોલીસ મથકમાં વાલીએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

### મલિયાધરા મલિયેશ્વર મહાદેવજી મંદિરમાં ભજન સપ્તાહ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી પંથકમાં પવિત્ર શ્રાવણ મહિનામાં ભક્તિનો માહોલ સર્જાયો છે. ગામેગામ ચોવીસ કલાકની ભજન સપ્તાહ ચાલી રહી છે અને મહાપ્રસાદ સહિતના અનેકવિધ જેમાં ભજનોની રમઝટ વચ્ચે દિવસ રાત મંજીરાના તાલ સાથે પ્રાચીન ભજનોની ગૂંજ સંભળાઈ રહી છે. ચીખલી તાલુકાના મલીયાધરા ગામમાં મલિયેશ્વર મહાદેવજીના મંદિર ભજન સપ્તાહમાં સ્થાનિક ભજન મંડળી ભજનોની રમઝટ બોલાવતી જોઈ શકાય છે. મંદિર ટ્રસ્ટના પ્રમુખ રાજેશ પટેલ, નટુભાઈ પટેલ, મહેશ પટેલ, જય પટેલ, પ્રકાશ પટેલ અને મહારાજ સુમનભાઈ સહિતનાઓ દ્વારા સુંદર ભજન સપ્તાહનું અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

**વલસાડ જિલ્લામાં ફૂડ વિભાગની સઘન તપાસ**

# વાપી, સંજાણ અને ઉમરગામમાં હોટલ-રેસ્ટોરન્ટો પર દરોડા

**નિયમોનું** ઉલ્લંઘન કરનાર પેઢીઓને ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી

વલસાડ : વલસાડ જિલ્લાના ફૂડ વિભાગની ટીમે વાપી, સંજાણ, ઉમરગામ અને પારડી સહિતના વિસ્તારોમાં વિવિધ રેસ્ટોરન્ટ, હોટલ અને ખાદ્ય પદાર્થોની પેઢીઓમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન કેટલીક પેઢીઓમાં નિયમોનું યોગ્ય પાલન થતું હોવાનું જણાયું હતું, જ્યારે કેટલીક જગ્યાએ ગંભીર ક્ષતિઓ જણાતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

### આટલી પેઢીમાં તપાસ કરવામાં આવી

૧. સંજાણ નામપાડાની બોમ્બે રેસ્ટોરન્ટમાં મેડિકલ અને વોટર રિપોર્ટની અપૂરતીતા તેમજ પેસ્ટ કંટ્રોલનો અભાવ જોવા મળ્યો હતો. ખુલ્લા કિચનમાં જીવજંતુઓનો પ્રવેશ અટકાવવા જાળી ન હોવાથી પેઢીને ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી છે. ૨. સંજાણ, ઉમરગામ રોડની બોમ્બે કેટરર્સ એન્ડ રેસ્ટોરન્ટમાં લાઇસન્સ કે નોંધણી ન હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી એન્ફોર્સમેન્ટ સેમ્પલ લેવાયા હતા અને સ્વચ્છતાના નિયમોનું પાલન ન થતાં સંચાલકે સ્વેચ્છાએ પેઢી બંધ કરી દીધી હતી. ૩. ઉમરગામના ખાના ખજાના રેસ્ટોરન્ટમાં મેડિકલ તથા વોટર રિપોર્ટ ન હોવાથી ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ અપાઈ છે. બીજી તરફ, બી.કે. ફૂડ (વોક ઓન ફાયર - ચલા રોડ, વાપી), હોટલ કેસરી (નૂતન નગર, વાપી), સનસાઈન ફેમિલી રેસ્ટોરન્ટ (ઉમરગામ રોડ, સંજાણ) અને હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ (પારડી) ઉપરાંત, સમવીર હોસ્પિટલ એલએલપી અને હોટલ એપીકલ સહિતની અન્ય`ઢીઓની ચકાસણી કરવામાં આવી હતી. ફૂડ વિભાગના ઓફિસર આશિષ વળવીએ જણાવ્યું હતું કે ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતી પેઢીઓની તપાસની કામગીરી આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે.

# સાપુતારા-શામગહાન ઘાટમાં અકસ્માતના બે બનાવ

**ટામેટા** ભરેલી ટ્રક સંરક્ષણ દીવાલ સાથે અથડાઇ જ્યારે કન્ટેનર પલટી ગયું


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ઘાટમાર્ગમાં આજે બે અકસ્માતની ઘટનાઓ બનતા માર્ગ સલામતી સામે સવાલો ઉભા થયા હતા. બંને અકસ્માતમાં વાહનો તથા માલસામાનને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે બંને બનાવોમાં ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હતો. મહારાષ્ટ્રના વણી તરફથી ટામેટાનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલી ટ્રક માલેગામ ઘાટમાર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંકમાં ટ્રકની બ્રેક ફેલ થઈ જતા ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક માર્ગની સાઈડમાં આવેલી સંરક્ષણ દીવાલ સાથે અથડાઈને અટકી ગયો હતો. સંરક્ષણ દીવાલ સાથે અથડાયા બાદ ટ્રક ઊંડા ખાડામાં ખાબકતાં બચી ગયો હતો. આ અકસ્માતને પગલે ટ્રક સહિત તેમાં ભરેલા ટામેટાંના જથ્થાને ભારે નુકસાન થયું હતું. જોકે ટ્રકના ચાલક અને ક્લીનરનો સદનસીબે ચમત્કારિક બચાવ થયો હતો. બીજી ઘટનામાં મહારાષ્ટ્રના પુણે તરફથી માલસામાનનો જથ્થો ભરી સાપુતારા તરફ આવી રહેલુ કન્ટેનર નં. GJ-27-TT-3728 માલેગામ ઘાટમાર્ગમાં પહોંચતા ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી મારી ગયું હતું. આ અકસ્માતમાં કન્ટેનર તેમજ તેમા ભરેલા માલસામાનને નુકસાન થયું હતુ. જોકે આ બનાવમાં પણ ચાલક અને ક્લીનરનો બચાવ થયો હતો. માલેગામ ઘાટમાર્ગ પર વળાંકોને કારણે અકસ્માતના બનાવો બનતા હોવાથી વાહનચાલકોમાં ચિંતા જોવા મળી રહી છે. તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ઘેજમાં વાહનની અડફેટે બે ગાય - એક આખલાનું મોત

**વાહનોની** બેફામ ગતિ સામે સવાલો અને માંગણીઓ, ઘટનાને પગલે ગૌરક્ષકોમાં રોષ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીના બગલાદેવથી કોલેજ તરફ જતા માર્ગ પર રાત્રિના સમયે અજાણ્યા વાહનની ટક્કરે બે ગાય અને એક આખલાનું મોત નીપજતાં ગૌરક્ષકોમાં ભારે રોષ ફેલાયો હતો. આ માર્ગ ઉપર નાસિક તરફથી પુરપાટ ઝડપે આવતી શાકભાજીની ગાડી સહિતના ભારે વાહનો રાત્રિના સમયે બેફામ ગતિએ પસાર થતા હોવાના કારણે અકસ્માત સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચીખલી બગલાદેવ મંદિર આગળ કોલેજ તરફ જતા માર્ગ ઉપર સોમવારની રાત્રે માર્ગ પર ત્રણ ગૌવંશ અડફેટે આવતા બે ગાય અને એક આખલાનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો. ત્રણ ગૌવંશ માર્ગ પર મૃત હાલતમાં પડ્યા હોવાની જાણ થતાં ગૌરક્ષકો સ્થળ ઉપર દોડી આવી માર્ગ પરથી મૃત ગૌવંશને હટાવ્યા હતો. ત્યારબાદ ગૌરક્ષકો દ્વારા મૃત ગૌવંશની વિધિવત રીતે દફનવિધિ કરવામાં આવી હતી.

આ બનાવને પગલે બગલાદેવથી કોલેજ તરફના માર્ગ પર દોડતા ભારે વાહનોની ગતિ સામે પણ સવાલો ઉઠ્યા છે. ખાસ કરીને રાત્રિના સમયે નાસિક તરફથી આવતી શાકભાજીની ગાડીઓ સહિતના ભારે વાહનો પુરપાટ ઝડપે દોડતા હોવાના આક્ષેપો વચ્ચે માર્ગ પર રખડતા પશુઓની સલામતી સામે પણ સવાલો ઉભા થયા છે. માર્ગ પર સ્પીડ નિયંત્રણ, યોગ્ય પ્રકાશ વ્યવસ્થા અને રખડતા પશુઓને અટકાવવા માટે અસરકારક પગલાં લેવામાં આવે અને પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ ચકાસી અકસ્માત સર્જનાર વાહન ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# પારડી હાઈવે પર બે વાહન વચ્ચેના અકસ્માતમાં એકનું મોત

પારડી : પારડીના સ્વાગત હોટલ સામે નેશનલ હાઈવે નંબર ૪૮ પર ૨૪ ઓગસ્ટના રોજ વહેલી સવારે ટેન્કર અને આઈશર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. મુંબઈથી દહેજ તરફ કેમિકલ ભરીને જઈ રહેલા ટેન્કરચાલક રાજેન્દ્ર ફીરતીરામ પ્રસાદ (ઉં. ૬૫) ને વહેલી સવારે અંદાજે ૨:૩૦ વાગ્યે ઝોકું આવી જતાં તેમનું વાહન આગળ જતી બંધ બોડીની આઈશર ગાડી સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં ટેન્કરનો કેબિનનો ભાગ ફેંદાઈ ગયો હતો અને ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હોટલના સ્ટાફની મદદથી તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પ્રથમ વલસાડ અને બાદમાં સુરતની ન્યુ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના ટ્રાન્સપોર્ટ માલિક દ્વારા પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

**હીરો હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ**

HeroHousing Finance

સંપર્ક સરનામું: A-6, ત્રીજો માળ, સેક્ટર-4, નોઈડા-201301.
રજિસ્ટર્ડ ઓફિસ: 09, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057, ફોન: 011 49267000, ટોલ ફ્રી નં.: 1800 212 8800 ઈમેલ: customer.care@herohf.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

**માગણી નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("એક્ટ") ની કલમ 13(2) સાથે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("રૂલ્સ")ના નિયમ 3 સાથે વાંચતા.

જેમાં અધોહસ્તાક્ષરકર્તા હીરો હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી તરીકે એક્ટની કલમ 13(12) અને રૂલ્સના નિયમ 3 હેઠળ મળેલ સત્તાની રૂએ, નીચે દર્શાવેલ દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/જામીનદાર(રો) (તમામને એક વ્યક્તિગત રીતે અથવા એકસાથે "ઓબ્લિગર્સ"/કાયદેસરના વારસદારો/કાયદેસરના પ્રતિનિધિઓ તરીકે ઓળખવામાં આવે છે)ને નીચે જણાવેલ વિગતો મુજબ તેમની સંબંધિત નોટિસની તારીખથી 60 દિવસની અંદર સંબંધિત માગણી નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે કલમ 13(2) હેઠળ વિગતવાર માગણી નોટિસ જારી કરી ચૂક્યા છે. સદર નોટિસની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ A.D. દ્વારા મોકલવામાં આવેલ છે અને અધોહસ્તાક્ષરકર્તા પાસે ઉપલબ્ધ છે, અને જો સદર ઓબ્લિગર્સ/કાયદેસરના વારસદારો/કાયદેસરના પ્રતિનિધિઓ ઇચ્છે તો સામાન્ય કામકાજના કલાકો દરમિયાન કોઈપણ કામકાજના દિવસે અધોહસ્તાક્ષરકર્તા પાસેથી સંબંધિત નકલ મેળવી શકે છે. ઉપરોક્તના સંદર્ભમાં સદર ઓબ્લિગર્સ/કાયદેસરના વારસદારો/કાયદેસરના પ્રતિનિધિઓને આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ HHFLને સંબંધિત નોટિસની તારીખથી 60 દિવસની અંદર તેમના સંબંધિત નામ સામે દર્શાવેલ રકમ, કોલમ (d)માં દર્શાવેલ તારીખથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી નીચે મુજબના વધુ વ્યાજ સાથે, લોન કરાર અને સદર ઓબ્લિગર્સ દ્વારા કરવામાં આવેલ અન્ય દસ્તાવેજો/લેખિતો સાથે વાંચતા ચૂકવી આપે. લોનની યોગ્ય પુનઃચૂકવણીની સુરક્ષા માટે, નીચે મુજબની સિક્યોર્ડ એસેટ(સ) સદર ઓબ્લિગર્સ દ્વારા અનુક્રમે HHFL પાસે ગીરો મુકવામાં આવેલ છે.

| લોન એકાઉન્ટ નં. | ઓબ્લિગર(ઓ)/કાયદેસરના વારસદાર(ઓ)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ના નામ | નીચે દર્શાવેલ તારીખ મુજબ કુલ બાકી નીકળતી રકમ (રૂપિયામાં) | માગણી નોટિસની તારીખ | NPA તારીખ |
|---|---|---|---|---|
| HHFNVSHOU 24000052229 | મહોમ્મદ ઇકામ ભીખુમિયા શેખ, મજેદા મોહમ્મદઇકામ શેખ | રૂ. 6,18,170/- (14-ઓગસ્ટ-2026ના રોજ બાકી) | 17-08-2026 | 04-08-2026 |
| સિક્યોર્ડ એસેટ્સ/સ્થાવર મિલકતો/ગીરો મિલકતોનું વર્ણન:- ફ્લેટ નં. 001 (હાઉસ નં. 2086/G-1 (હાઉસ નં. 59 અને ટેનામેન્ટ નંબર 101286/0) ક્ષેત્રફળ આશરે 250 ચોરસ ફૂટ એટલે કે 23.24 ચોરસ મીટર ધરાવતી રહેણાંક મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, સાથે "કામેશ્વર એપાર્ટમેન્ટ" ની જમીનમાં 18.53 ચોરસ મીટર અવિભાજ્ય હિસ્સો, જે સિટી સર્વે ટીકા નં. 81, સિટી સર્વે નં. 3990 ક્ષેત્રફળ 181.85.82 માં આવેલ છે, વોર્ડ નં. 1/1 (વોર્ડ નં. 12) મોજે નવસારી, તા: નવસારી, જી: નવસારી, ગુજરાત રાજ્યમાં, ટાઇટલ દસ્તાવેજમાં લખેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓ: ઉત્તર: ખુલ્લી જગ્યા, દક્ષિણ: સીડી અને ખુલ્લી જગ્યા, પૂર્વ: કોમન પેસેજ અને ફ્લેટ નં. 002, પશ્ચિમ: ખુલ્લી જગ્યા અને એપાર્ટમેન્ટ. | | | | |
| HHFNVSHOU230000 32362, HHFNVSIPL 23000032368 | નેહા સુશીલ ઉપાધ્યાય, સુશીલ ઉપાધ્યાય (દેવરાજ ઉપાધ્યાયના પુત્ર) | રૂ. 12,71,704/- (14-ઓગસ્ટ-2026ના રોજ બાકી) | 17-08-2026 | 04-08-2026 |
| સિક્યોર્ડ એસેટ્સ/સ્થાવર મિલકતો/ગીરો મિલકતોનું વર્ણન:- પ્લોટ નં. 144 (હવે નવો સર્વે/બ્લોક નં. 5239, જૂનો બ્લોક નંબર 117/2) ક્ષેત્રફળ આશરે 420.00 ચોરસ ફૂટ એટલે કે 39.04 ચોરસ મીટર પ્લોટ વિસ્તાર, બાંધકામ આશરે 420.00 ચોરસ ફૂટ એટલે કે 39.04 ચોરસ મીટર ધરાવતી સ્થાવર જમીનનો તમામ ભાગ અને પાર્સલ, "જય શક્તિનગર" તરીકે ઓળખાતી જમીન યોજનામાં અવિભાજ્ય હિસ્સા સાથે, જે રેવન્યુ સર્વે નં. 117/2, ખાતા નંબર 13421 પૈકી મ્યુનિસિપલ જૂનો વોર્ડ નં. 12, નવો વોર્ડ નં. 11, જૂનું મ્યુનિસિપલ હાઉસ નં. 361/6, નવું હાઉસ નં. 3278/0 મોજે વિજલપોર, તાલુકા જલાલપોર, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલ છે, ટાઇટલ દસ્તાવેજમાં લખેલ સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓ: ઉત્તર: પ્લોટ નં. 145, દક્ષિણ: પ્લોટ નં. 143, પૂર્વ: પ્લોટ નં. 133, પશ્ચિમ: રોડ. | | | | |

* ઉપર જણાવેલ સંબંધિત માગણી નોટિસમાં દર્શાવ્યા મુજબ વ્યાજ, વધારાનું વ્યાજ, આકસ્મિક ખર્ચ, પડતર, ચાર્જિસ વગેરે સાથે ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડશે. જો સદર ઓબ્લિગર(ઓ) ઉપરોક્ત મુજબ HHFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો HHFL સદર એક્ટની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ(સ)/સ્થાવર મિલકત(ઓ) સામે સંપૂર્ણપણે સદર ઓબ્લિગર્સ/કાયદેસરના વારસદારો/કાયદેસરના પ્રતિનિધિઓના જોખમે અને પરિણામે કાર્યવાહી કરશે.

સદર ઓબ્લિગર(ઓ)/કાયદેસરના વારસદાર(ઓ)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને સદર એક્ટ હેઠળ HHFLની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ રીતે ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ(સ)/સ્થાવર મિલકતની ટ્રાન્સફર કરવા પર મનાઈ ફરમાવવામાં આવે છે. કોઈ પણ વ્યક્તિ જે આ એક્ટ અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રોત્સાહિત કરશે, તે એક્ટ હેઠળની જોગવાઈ મુજબ કેદ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખ: 26-08-2026
સ્થળ: નવસારી

સહી/- અધિકૃત અધિકારી,
ફોર હીરો હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ

# મરોલીમાં બોડી મસાજના નામે ઠગાઈ

**હોટલનું** સરનામું આપ્યું અને પછી સિક્યોરિટી ડિપોઝિટના બહાને રકમ પડાવી

નવસારી: જલાલપોર તાલુકાના મરોલીમાં ઈન્સ્ટાગ્રામ પર બોડી મસાજની જાહેરાત જોઈ ક્યૂઆર કોડ સ્કેન કરનાર યુવકને ટેલિગ્રામ પર લઈ જઈ પહેલા સર્વિસ કન્ફર્મેશનના નામે રૂપિયા ૧,૪૮૦ પડાવ્યા બાદ હોટલનું સરનામું આપી યુવકને વિશ્વાસમાં લીધો અને રિફંડ તથા સિક્યોરિટી ડિપોઝિટના બહાને ટ્રાન્ઝેક્શન કરાવી ૪,૧૦૧ની ઓનલાઈન ઠગાઈ કરી હતી.

મરોલીની કુવેકુંજ સોસાયટીમાં રહેતા અને હજીરા ખાતે એલ એન્ડ ટી કંપનીમાં નોકરી કરતા પાર્થિવ પટેલને ઈન્સ્ટાગ્રામ પર ક્યૂઆર કોડવાળી બોડી મસાજ સર્વિસની જાહેરાત મળી હતી. ક્યૂઆર કોડ સ્કેન કરતાં તેઓ 'Aaliya1reddy' નામના ટેલિગ્રામ પેજ પર પહોંચ્યા હતા. ત્યાંથી સંપર્ક કરનારા શખ્સોએ નાણા ટ્રાન્સફર કરાવ્યા બાદ મરોલીની 'ધ ક્રિષ્ના હોટલ'નું સરનામું મોકલ્યું હતું.

યુવક હોટલ પર પહોંચ્યો ત્યારે મેનેજરે આવી કોઈ મસાજ સર્વિસ હોટલમાં ચાલતી ન હોવાનું સ્પષ્ટ કરતાં મામલો શંકાસ્પદ બન્યો હતો. જોકે, સાયબર ઠગોએ યુવકને ત્યાં જ છોડ્યો નહીં. થોડા સમય બાદ અજાણ્યા નંબર પરથી ફોન કરી અગાઉ ચૂકવેલી રકમ રિફંડ કરાવવાના નામે ફરીથી યુવક સાથે 'રિફંડેબલ સિક્યોરિટી એમાઉન્ટ' અને હોટલ બુકિંગ ચાર્જના બહાને અલગ-અલગ પેમેન્ટ કરાવવામાં આવ્યા હતા.

યુવકે ટુકડે-ટુકડે રકમ ટ્રાન્સફર કરી હતી. પરંતુ પૈસા ચૂકવ્યા બાદ પણ રિફંડ નહીં મળતા સાયબર ફ્રોડ થયાનું સમજાતાં તેણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી.

**જાહેર હરાજી**

મોજે ટાંકલ તળાવ ફળિયા આંગણવાડી જર્જરિત હાલતમાં હોય આંગણવાડી તોડીને તેનો કાટમાળ લઈ જવા માટેની જાહેર હરાજી તા. ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે ગ્રામ પંચાયત ટાંકલ ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવનાર વ્યક્તિઓને હરાજીમાં હાજર રહેવા અપીલ છે.

નોંધ:-

* હરાજીના ૧ કલાક પહેલા ડિપોઝીટની રકમ જમા કરાવ્યેથી ભાગ લઈ શકાશે.
* હરાજી સમય પહેલા આંગણવાડીનું નિરીક્ષણ કરી આવવું.
* હરાજી જે વ્યક્તિના ફાળે જાય તે વ્યક્તિએ તાત્કાલિક સ્થળ પર ૨૫% ડિપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે.
* હરાજીમાં કોઈપણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થાય તો હરાજી મોકૂફ રાખવાની સત્તા ગ્રામ પંચાયતની રહેશે.
* હરાજી પ્રક્રિયામાં પંચાયત બોડીનો નિર્ણય આખરી રહેશે.

સરપંચ
ગ્રામ પંચાયત ટાંકલ
તા. ચીખલી, જી. નવસારી

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત ટાંકલ
તા. ચીખલી, જી.નવસારી